# અંતે ચિદમ્બરમને ટુજી કૌભાંડમાં ક્લિનચીટ

નવી દિલ્હી, તા. ૨૪

કેન્દ્રીય નાણાંમંત્રી પી ચિદમ્બરમ્‌ને આજે મોટી રાહત મળી ગઈ હતી. કારણ કે સુપ્રીમ કોર્ટે સમગ્ર દેશને હચમચાવી મૂકનાર ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કૌભાંડમાં તેમની ભૂમિકા બદલ ચિદમ્બરમ્ સામે તપાસની માંગ કરી દાખલ કરવામાં આવેલી બંને અરજીઓને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કૌભાંડમાં ચિદમ્બરમ્‌ને સ્પષ્ટપણે ક્લીન ચીટ આપી દીધી હતી. સુપ્રીમે કહ્યું છે કે ટુજી સ્પેક્ટ્રમ કૌભાંડમાં કોઈ કાવતરા સાથે તેમના સંબંધ હોવાના કોઈ પુરાવા નથી. સુપ્રીમે કહ્યું હતું કે ચિદમ્બરમ્ સ્પેક્ટ્રમની કિંમતોમાં કોઈ ભૂમિકા ભજવી હતી તેવા કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી. સત્તાવાર હોદ્દાનો દુરુપયોગ પણ ચિદમ્બરમ્ કર્યો નથી. હોદ્દાના દુરુપયોગના કોઈ પુરાવા મળ્યા નથી. પોતાના માટે લાભ મેળવવાના કોઈ પ્રયાસ પણ થયા ન




હતા. જસ્ટિસ જી એસ સિંઘવી અને કે એસ રાધાકૃષ્ણનની બનેલી બેંચે આ ચુકાદો આપ્યો હતો. આ બેંચે હજુ સુધી સરકાર અને ચિદમ્બરમ્‌ને નોટિસ આપી નથી. બેંચે નિર્ણય કર્યો હતો કે અરજીદારો દ્વારા સોંપવામાં આવેલા રેકોર્ડમાં કોઈપણ ફોજદારી બાબત પુરવાર થતી નથી. ચિદમ્બરમ્ દ્વારા કોઈ ફોજદારી કાવતરું ઘડવામાં આવ્યું હતું તે બાબત પણ સાબિત થતી નથી. ટુજી સ્પેક્ટ્રમ ફાળવણીના મામલામાં ભૂતપૂર્વ ટેલીકોમ પ્રધાન રાજા સાથે ચિદમ્બરમ્ બેઠકો યોજી હતી તે બાબતની નોંધ લઈને કોર્ટે કહ્યું હતું કે આવી મિટીંગોથી કોઈ ફોજદારી કાવતરાની બાબત સાબિત થતી નથી. જનતા પાર્ટીના પ્રમુખ સુબ્રમણયમ સ્વામીએ કોર્ટમાં અરજી કરી હતી અને ટ્રાયલ કોર્ટના આદેશને પડકાર ફેક્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે ચિદમ્બરમ્ ટુજી કૌભાંડમાં કોઈપણ ફોજદારી કાવતરામાં ભૂમિકા ભજવી નથી. આ કેસમાં ચિદમ્બરમ્‌ને આરોપી બનાવવાનો ટ્રાયલ કોર્ટે ઈન્કાર કર્યો હતો. એનજીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં પણ એવી માંગ કરવામાં આવી હતી કે ચિદમ્બરમ્‌ની ભૂમિકામાં વ્યાપક તપાસ કરવામાં આવે તે જરૂરી છે. જ્યારે ટેલિકોમ કંપનીઓને સ્પેક્ટ્રમની ફાળવણી કરવામાં આવી હતી ત્યારે ચિદમ્બરમ્ નાણાંમંત્રી તરીકેની ભૂમિકામાં હતા. ૨૦૦૮માં ટેલિકોમ પ્રધાન તરીકે રાજા હતા તે ગાળામાં ચિદમ્બરમ્ નાણાંમંત્રી તરીકેની ભૂમિકામાં હતા. સુબ્રમણયમ સ્વામીએ ટુજી કૌભાંડમાં ચિદમ્બરમ્ સામે સીબીઆઈ તપાસની માંગ કરી હતી. સુબ્રમણય સ્વામીએ તીવ્ર આક્ષેપો કર્યા હતા જેના કારણે ચિદમ્બરમ્ મુશ્કેલીમાં આવી ગયા હતા.

## ટુજી કૌભાંડમાં સુપ્રિમનો ચુકાદો નિરાશાજનક : સુબ્રમણ્યમ

નવી દિલ્હી, તા. ૨૪

જનતા પાર્ટીના પ્રમુખ સુબ્રમણ્ય સ્વામીએ કહ્યું છે કે નાણામંત્રી પી ચિદમ્બરમ્ સામે ટુજી સ્પેક્ટ્રમ કેસમાં તેમની અરજીને ફગાવી દેવાના સુપ્રીમ કોર્ટના ચુકાદાની તેઓ સમીક્ષા કરશે. સ્વામીએ કહ્યું છે કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો તેમના માટે સારો રહ્યો નથી. આ એક નિરાશાજનક ચુકાદો છે. ચુકાદાની સમીક્ષા કરી સમીક્ષા અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે કાવતરાની તેઓ વાત કરી રહ્યા નથી. દેશને થયેલા નુકસાનની તેઓ વાત કરી રહ્યા છે. ચિદમ્બરમ્ સામે તેમની અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધા બાદ સુપ્રીમ કોર્ટની બહાર સ્વામીએ વાતચીત કરતા આ મુજબની પ્રતિક્રિયા આપી હતી.

તેમણે ઉમેર્યું હતું કે સુપ્રીમ કોર્ટે એ વિષય ઉપર ચુકાદો



આપ્યો છે જે મુદ્દાઓને તેઓએ ક્યારેય પણ ઉઠાવ્યા નથી. સુપ્રીમ કોર્ટે દેશને થયેલા જંગી નુકસાનના મહત્વપૂર્ણ પાસા પર ધ્યાન આપ્યું નથી. બીજી બાજુ સરકારે ટુજી કેસ મામલામાં ચિદમ્બરમ્‌નો જોરદાર બચાવ કર્યો છે અને કહ્યું છે કે ટુજી કેસ સાથે ચિદમ્બરમ્‌ને કોઈ લેવા દેવા નથી. સ્વામી હમેશા આ પ્રકારની અરજીઓ દાખલ કરવામાં સંડોવાયેલા રહ્યા છે જેથી તેમની અરજી માટે કોઈ પણ આધાર નથી. જો કોંગ્રેસ પાર્ટીની પ્રતિષ્ઠા ખરડવાના પ્રયાસો તેઓ કરશે તો તેમની સામે કાયદાકીય પગલાં લેવામાં આવશે.

પીએમઓમાં પ્રધાન વી નારાયણસ્વામીએ આજે આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે જો સુબ્રમણયમ સ્વામી સુપ્રીમ કોર્ટમાં સમીક્ષા અરજી દાખલ કરશે તો તે પણ ફગાવી દેવામાં આવશે. કારણ કે સ્વામી કોઈપણ કેસ ધરાવતા નથી.

## સમાચાર ઝલક

- રવિવારે ટીમ અણ્ણાનો પી.એમ. અને ગડકરીનાં ઘેર ઘેરાવ.
- નવા ફૂડ કાનૂન સામે ગુજરાતનો દવા ઉદ્યોગ હાઇકોર્ટમાં જશે.
- રાજકોટના ૭ હદ પાર ગુનેગારો રાજકોટમાંથી જ ઝડપાયા, યે પૈસા બોલતા હૈ.
- સૌરાષ્ટ્રમાં દુષ્કાળના કારણે લાખો આદિવાસી મુશ્કેલીમાં, સૌરાષ્ટ્રમાં ૮૩ ટકા રથયાત્રા કાઢશે.
- કોલસા બ્લોક ફાળવણી મુદ્દે બે એફ.આઇ.આર. દાખલ કરવા હિલચાલ.
- રાજકોટ સહકારી બેન્કે ખેડૂતોની વહારે, ચોમાસું જિલ્લા પાક ધિરાણ પરનું વ્યાજ માફ.
- ઓસ્ટ્રેલિયામાં ભારતીયોની સંખ્યામાં વધારો થતાં બન્યું ‘મીની ભારત.’
- અમદાવાદમાં ૨૪ કલાક પાણી પુરૂ પાડવા માટે ૧૫,૦૦૦ કરોડનો ખર્ચનો અંદાજ.
- તા.૧૮મી સપ્ટેમ્બરથી તરણેતરનો લોકમેળો, તડામાર તૈયારીઓ.
- ખિસ્સા-ફાડ મોંઘવારીએ લોકોની ખર્ચશક્તિ ૬૫ ટકા ઘટાડી દીધી, બચત થતી નથી.
- જય સાંઇનાથ, શિરડીના સાંઇબાબાને માત્ર 3 દિવસમાં સાડા પાંચ કરોડનું દાન, ૮ લાખ ભક્તોએ દર્શન કર્યા.
- અમદાવાદમાં બેંકમાં વેલ્યુઅરે જ ગોલ્ડ લોન કૌભાંડ આચર્યું.
- બે વર્ષ પહેલાં અમેરિકા જવા નીકળેલાં ૧૦૪ ગુજરાતીઓનો પત્તો નથી, મોટા ભાગની હત્યાની પોલીસને શંકા.
- ભારતના 3300 સ્થાનોમાં એક જ સમયે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે. ૧ લાખ બોટલ એકત્રિત કરીને ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાશે, તૈયારીઓનાં ધમધમાટ, અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદના ઉપક્રમે થનાર છે.

## કોલસા કાંડ મામલે મડાગાંઠ યથાવત : ધાંધલ ધમાલ જારી

નવી દિલ્હી, તા. ૨૪

કોલસા બ્લોકની ફાળવણીમાં અનિયમિતતાના મામલે ઉભી થયેલી મડાગાંઠનો ઉકેલ આવે તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આજે સતત ચોથા દિવસે ભારે ધાંધલ ધમાલ વચ્ચે સંસદના બંને ગૃહોની કામગીરી ચોથા દિવસે મોકુફ કરી દેવામાં આવી હતી. આ સપ્તાહમાં કોલસા બ્લોકની ફાળવણીના મામલે સંસદની કામગીરી બિલકુલ ચાલી શકી નથી. મડાગાંઠને ઉકેલવાના તમામ પ્રયાસ ચાલી રહ્યા હોવા છતાં ઉકેલ આવે તેવા સંકેત દેખાઈ રહ્યા નથી.

હવે સોમવારે આ મામલાને આગળ વધારવામાં આવશે. ભાજપના સભ્યો વડાપ્રધાનના રાજીનામાની માંગણી ઉપર મક્કમ બનેલા છે. કોલસા બ્લોકની ફાળવણીના મામલે ધાંધલ ધમાલ વચ્ચે બંને ગૃહોને વારંવાર મોકુફ કરાયા બાદ સ્થિતીમાં સુધારો ન થતાં બંને ગૃહો દિવસભર માટે મોકુફ કરાયા હતા. સૌથી પહેલા ધાંધલ ધમાલ બાદ સંસદના બંને ગૃહોની કાર્યવાહી ૧૨ વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી હતી. લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી ફરી શરૂ થયા બાદ ભાજપના સભ્યોએ વડાપ્રધાનના રાજીનામાની માંગ કરી સૂત્રોચ્ચાર કર્યા હતા. જેની થોડીક જ મિનિટોમાં ગૃહની કાર્યવાહી મુલતવી કરવી પડી હતી. ત્યાર બાદ ફરી ગૃહ મળતાં હંગામો યથાવત રહેતાં દિવસ માટે કાર્યવાહી સોમવાર સુધી મુલતવી કરી દેવાઈ છે. નોંધનીય છે કે ગત સપ્તાહે સંસદમાં રજૂ કરવામાં આવેલા કેગના અહેવાલમાં સ્પષ્ટ ઉલ્લેખ કરાયો હતો કે ખાનગી કંપનીઓને કોલસા ખાણ ફાળવણીમાં પારદર્શિકતાનો અભાવ હોવાથી દેશને ગત વર્ષના માર્ચ સુધીમાં ૧.૮૫ લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. બીજી બાજુ શાસક પક્ષ કોંગ્રેસે કહ્યું હતું કે, કેગને અહેવાલમાં શૂન્ય લગાવવાની ટેવ પડી ગઈ છે.

## મડાગાંઠને ઉકેલવા સુશીલ શિન્દેની સુષ્મા સાથે ચર્ચા

નવી દિલ્હી, તા. ૨૪

કોલસા બ્લોકની ફાળવણીના મામલે મડાગાંઠને ઉકેલવાના પ્રયાસો કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવ્યા હતા. ગૃહમંત્રી સુશીલ કુમાર શિન્દે અને સંસદીય બાબતોના મંત્રી પવન કુમર બંસલે ધાધલ ધમાલ વચ્ચે બંને ગૃહ મોકુફ કરાયા બાદ લોકસભામાં વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજ સાથે તેમની ઓફિસમાં વાત કરી હતી. સંસદની કામગીરી ચાલે તે જરૂરી છે તેવી વિનંતી પણ કરવામાં આવી હતી. આ બંને નેતાઓએ ખાતરી આપી હતી કે સરકાર કોલસા બ્લોકની ફાળવણી પર ચર્ચા કરવા માટે તૈયાર છે. સુષ્મા પોતાની પાર્ટીના વલણ ઉપર મક્કમ રહ્યા હતા અને કહ્યું હતું કે વડાપ્રધાન રાજીનામું આપે તેમ અમે ઈચ્છીએ છિએ. સુષ્માની સાથે બેઠક દરમિયાન લોકસભામાં ભાજપના નાયબ નેતા ગોપીનાથ મુન્ડે અને પક્ષના પ્રવક્તા શાહનવાઝ હુસેન પણ સામેલ થયા હતા. ત્યાર બાદ ભાજપના નેતા અડવાણી, સુષ્મા સ્વરાજ, રાજ્યસભામાં વિપક્ષા નેતા અરૂણ જેટલી અને ગોપીનાથ મુન્ડેએ બેઠક યોજી હતી. પક્ષના સુત્રોનું કહેવું છે કે જ્યાં સુધી સરકાર પક્ષની માંગણી સ્વિકારશે નહીં ત્યાં સુધી સંસદની કામગીરી ચાલશે નહીં. સુષ્મા સાથે વાતચીતમાં શિન્દેએ કહ્યું હતું કે અમે તમામ લોકો સાથે વાતચીત કરી રહ્યા છે. મડાગાંઠનો ઉકેલ આવે તે જરૂરી છે.

## સરહદ પર વધુ સુરંગોની શક્યતા નકારી ન શકાય

ગૃહ સચિવ આરકે સિંહે સુરક્ષા પરિસ્થિતીની સમીક્ષા કરવા જમ્મુ આવી પહોંચ્યા બાદ જણાવ્યું હતું કે પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રિય સરહદ પર વધુ સુરંગો હોવાની શક્યતા નકારી શકાય નહીં. આમા ઉંડી તપાસ હાથ ધરવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે ગયા મહિને પાકિસ્તાનથી નિકળતી સુરંગ મળી આવી હતી. પાંચમી ઓગસ્ટથી પાકિસ્તાન દ્વારા ભારતીય ચોકી ઉપર ગોળીબાર કરવામાં આવી રહ્યો છે જેનાં કારણે દહેશત ફેલાયેલી છે. ગૃહ સચિવ ડઝન જેટલા સરહદી ગામોમાં જશે. સાથે સાથે બીએસએફ ચોકીની મુલાકાત પણ લેશે.

## ભારતીય સ્પિનરોના તરખાટ સામે ન્યુઝીલેન્ડના બેટ્સમેનો ટકી ન શક્યા

હૈદરાબાદ, તા. ૨૪

હૈદરાબાદનાં રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રિય સ્ટેડીયમ ખાતે શરૂ થયેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના આજે બીજા દિવસે ભારતીય સ્પિનરોના તરખાટ સામે ન્યુઝીલેન્ડના બેટ્સમેનો ટકી શક્યા ન હતા. ટોપ ઓર્ડરના બેટ્સમેનો ફ્લોપ રહ્યા હતા. ભારતના પ્રથમ દાવમાં ૪૩૮ રન ઓલઆઉટના ઝાડમાં ન્યુઝીલેન્ડે આજે બીજા દિવસની રમત બંધ રહી ત્યારે પાંચ વિકેટ ગુમાવીને ૧૦૬ રન બનાવ્યા હતા. ન્યુઝીલેન્ડ હજુ ૩૩૨ રન પાછળ છે અને તેની પાંચ વિકેટ હાથમાં છે જેથી ભારતે આ ટેસ્ટ મેચમાં તેની સ્થિતી અતિમજબુત બનાવી લીધી છે. આ ટેસ્ટ મેચમાં ભારતની હવે જીતવા માટેની સ્થિતી પણ થઈ ગઈ છે. આવતીકાલે ત્રીજા દિવસની રમત ભારતીય બોલરો માટે મહત્વપુર્ણ રહેશે. આજની રમત બંધ રહી ત્યારે ફ્રેન્કલીન ૩૧ અને યાક શુન્ય રન સાથે રમતમાં હતા. ન્યુઝીલેન્ડ તરફથી અતિનિરાશાજનક શરૂઆત થઈ હતી. પ્રથમ વિકેટ ૨૫ રને પડ્યા બાદ




નિયમિત ગાળામાં વિકેટે પડી હતી. જેથી ન્યુઝીલેન્ડની ટીમ મુશ્કેલીમાં દેખાઈ હતી. ભારત તરફથી સ્પિનરો છવાયેલા રહ્યા હતા. અશ્વિને ૩૦ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે ઓઝાએ ૩૫ રન આપી બે વિકેટ ઝડપી હતી.

અગાઉ ભારતીય ટીમ તેના પ્રથમ દાવમાં ૪૩૮ રન બનાવી ઓલઆઉટ થઈગઈ હતી. ભારત તરફથી પુજારાએ સૌથી વધુ ૧૫૯ રન બનાવ્યા હતા. જેમાં ૧૯ ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે. પુજારાએ ૩૦૬ બોલનો સામનો કર્યો હતો. ભારત તરફથી કેપ્ટન ધોનીએ આજે ૭૩ રન બનાવી આઉટ થયો હતો. જેમાં છ ચોગ્ગા અને એક ચોગ્ગાનો સમાવેશ થાય છે. અશ્વીને પણ ૩૭ રનની ઉપયોગી ઈનિંગ્સ રમી હતી. ભારત તરફથી ચેતેશ્વર પુજારા મુખ્ય આકર્ષક રહ્યો હતો. પુજારાની ઈનિંગ્સથી ચાહકો પ્રભાવિત થયા હતા. રાહુલ દ્રવિડ અને વીવીએસ લક્ષ્મણ નિવૃત્ત થઈ ગયા બાદ યુવા ખેલાડીઓ પર જવાબદારી વધી ગઈ છે. પુજારા રાહુલ દ્રવિડની જગ્યાએ વનડાઉનમાં રમી રહ્યો છે. પુજારાએ દ્રવિડની જગ્યા વિશ્વાસપુર્વક પુરી કરી છે. ધોનીએ પણ પુજારા સાથે મળીને ઉપયોગી ભાગીદારી નોંધાવી હતી.

## રૂપિયામાં ૪ દિનની તેજી પર આખરે બ્રેક

મુંબઈ, તા. ૨૪

છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલી તેજીમાં આજે બ્રેક આવ્યો હતો. ડોલર સામે રૂપિયામાં પણ આજે ઘટાડો જોવા મળ્યો હતો. જુદા જુદા પરિબળોના પરિણામ સ્વરૂપે રૂપિયામાં તેજી પર બ્રેક આવ્યો હતો. સંસદમાં કોલસા બ્લોકની ફાળવણીને લઈને ઉભી થયેલી મડાગાંઠની અસર રૂપિયાના કારોબાર ઉપર થઈ છે. ઓઈલ આયાતકારો તરફથી ડોલરની માંગ વધી ગઈ છે. બે દિવસની બેંક હડતાળના કારણે બુધવાર અને ગુરૂવારના દિવસે વોલ્યુમને અસર થઈ હતી. ઓઈલ રિફાઈનરીઓ સરકારી બેંકોથી તેમની મોટાભાગની ડોલરની માંગ પુરી કરે છે. આજે સેશન દરમિયાન રૂપિયામાં



ટાઈટ રેન્જ જોવા મળી હતી. ભારતીય સંસદમાં કોલસા બ્લોકની ફાળવણીને લઈને હોબાળો મચેલો છે. કારોબારના અંતે આજે રૂપિયો ડોલર સામે ૫૫.૪૯૫૦/૫૦૫૦ની સપાટીએ રહ્યો હતો. ગુરૂવારના દિવસે કારોબાર બાદ રૂપિયો ૫૫.૨૬/૨૭ની સપાટીએ રહ્યો હતો. રૂપિયામાં આજે ડોલર સામે ૨૩ પૈસાનો ઘટાડો નોંધાયો હતો. વૈશ્વિક જોખમી પરિબળો આવનાર દિવસોમાં રૂપિયા માટે યથાવત રહે તેવી વકી છે. ૩૧મી ઓગસ્ટના દિવસે એપ્રિલ-જુનના આર્થિક વિકાસના આંકડા જારી કરવામાં આવનાર છે. આ ઉપરાંત ઓઈલ રિફાઈનરો આગામી સપ્તાહમાં ડોલર માટે બિડ કરી શકે છે. જેથી રૂપિયા ઉપર દબાણ આવશે. વૈશ્વિક બજારોમાં ડોલરમાં પણ હાલ ઉથલપાથલની સ્થિતી જોવા મળી રહી છે.

## સિંગૂર જમીન પ્રકરણમાં તાતા મોટર્સને સુપ્રીમે નોટીસ આપી

નવી દિલ્હી, તા. ૨૪

હાઈકોર્ટના સિંગૂર જમીન હસ્તગત એક્ટ રદ કરવાના ચુકાદાને પડકારતી પશ્ચિમ બંગાળ સરકારની અરજી પર સુપ્રીમ કોર્ટે આજે તાતા મોટર્સને ખુલાસો કરવા નોટીસ ફટકારી હતી. સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ એચ એલ દત્તુ અને સી. કે. પ્રસાદની બનેલી ખંડપીઠે કોલકતા હાઈકોર્ટના વચગાળાના આદેશને હાલ ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો હતો. જેમાં અપીલની સુનાવણી પૂરી ન થાય ત્યાં સુધી રાજ્ય સરકારને જમીનના ભાગ ન પાડવા આદેશ કરાયો છે. તાતા મોટર્સને અપાયેલી ૪૦૦ એકર જમીન પરત લેવા માટે પશ્ચિમ બંગાળ સરકારે બનાવેલ સિંગૂર લેન્ડ એકવીસીસન એક્ટને રદ કરતો ચુકાદો હાઈકોર્ટે આપ્યો હતો. જેને મુખ્યમંત્રી મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળની તૃણમુલ કોંગ્રેસે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો.



અભિજીત સેનગુપ્તા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં રાજ્ય સરકારે કહ્યું હતું કે, હાઈકોર્ટે એક્ટ રદ કરવામાં ભૂલ કરી છે. ૨૨ જૂનના રોજ હાઈકોર્ટ પશ્ચિમ બંગાળ સરકારે સિંગૂરમાં તાતા મોટર્સ કાર પ્રોજેક્ટ માટે જમીન ગેરકાયદે રીતે હસ્તગત કરી હોવાથી પરત મેળવવા માટે વિધેયક પસાર કર્યું હતું.

સિંગૂર લેન્ડ રીહેબીલીસેશન અને ડેવલપમેન્ટ એક્ટ ૨૦૧૧ દ્વારા કાર પ્રોજેક્ટ માટે તાતા મોટર્સ હસ્તગત કરેલી ૪૦૦ એકર જમીન પરત મેળવવાનો રાજ્ય સરકારને અધિકાર મળ્યો હતો. તાતા મોટર્સની અપીલ બાદ હાઈકોર્ટે અવલોકન કર્યું હતું કે એક્ટ માટે રાષ્ટ્રપતિની સલાહ સૂચન લીધું નથી. જેથી તે ગેરબંધારણીય છે. જો કે હાઈકોર્ટે ચુકાદાના અમલ માટે બે મહિના પ્રતિબંધ મૂક્યો હતો. જેથી કરીને સામાવાળા પક્ષકારો સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે.

## ફોરેક્સ નિયમોના ભંગ બદલ બાળકૃષ્ણની મુશ્કેલી વધી ગઈ

નવી દિલ્હી, તા. ૨૪

એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ફોરેક્સ ધારાધોરણોનું ભંગ કરવા બદલ યોગગુરૂ બાબા રામદેવના નજીકના સાથી બાળકૃષ્ણ સાથે સંબંધીત કંપનીને નોટીસ ફટકારી છે. ધારાધોરણનો ભંગ કરવા બદલ બાળકૃષ્ણ વધુ મુશ્કેલીમાં દેખાઈ રહ્યા છે. ઈડી દ્વારા કારણ દર્શક નોટીસ ફટકારમાં આવ્યા બાદ આનો જવાબ આપવો પડશે. એજેન્સી દ્વારા તાજેતરમાં જ મની લોન્ડરિંગની ફોજદારી જોગવાઈ હેઠળ બાળકૃષ્ણ સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. બાળકૃષ્ણ ફુડ કંપનીમાં સહડિરેક્ટર તરીકે પણ છે. આ કંપનીએ ફોરેક્સ એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટનો ભંગ કર્યો હતો. એજેન્સીએ ૪.૩૬ કોરડની રકમને આવરી લેતી ફેમા નોટીસ ફટકારી છે. સાથે સાથે કંપની અને હોદ્દેદારો પાસેથી જવાબની માંગણી કરી છે. પખવાડીયાના સમયમાં ગેરરીતી અંતે ખુલાસો કરવા બાળકૃષ્ણ, કંનપી અને અન્યોને સ્પષ્ટ સુચના આપવામાં આવી છે. ઈડીએ પીએમએલએ હેઠળ કેસ દાખલ કર્યો છે. સીબીઆઈ એફઆઈઆર પણ દાખલ થઈ ચુકી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે બાળકૃષ્ણએ પાસપોર્ટ એક્ટનો ભંગ કર્યો છે. તપાસ સંસ્થાને શંકા છે રામદેવ દ્વારા ચલાવવામાં આવતા ઘણાં ટ્રસ્ટની જવાબદારી બાળકૃષ્ણ સંભાળી રહ્યા છે. મની લોન્ડરિંગમાં પણ તેમના નાણાં રહેલા છે. અત્રે ઉલ્લેખનિય છે કે ઈડી બાળકૃષ્ણની ધરપકડ પણ કરી શકે છે. ૧૭મી ઓગસ્ટના દિવસે બાળકૃષ્ણ જામીન ઉપર જેલમાંથી બહાર આવ્યા હતા. સીબીઆઈ દ્વારા બનાવટી દસ્તાવેજોના સંબંધમાં તેમને જેલભેગા કરવામાં આવ્યા હતા.

## ટ્રેને ઓટોરીક્ષાને ટક્કર મારતા ૧૩નાં મોત થયા

ભુવનેશ્વર, તા. ૨૪

રોરકેલા-ભુવનેશ્વર ઈન્ટરસીટી એક્સપ્રેસ ટ્રેને સંબલપુર નજીક માનવ વગરના રેલવે ક્રોસિંગ ખાતે ઓટોરીક્ષાને ટક્કર મારી દેતા ૧૨ મહિલા સહિત ૧૩ લોકોના મોત થયા છે. અન્ય છ લોકો આ બનાવમાં ગંભીર રીતે ઘાયલ થયા છે. પોલીસ સુત્રોએ કહ્યું છે કે સંબલપુર અને માનેશ્વર સ્ટેશન વચ્ચે ભરચક ઓટોરીક્ષાને ટ્રેને ટક્કર મારી દીધી હતી. બનાવ બન્યા બાદ સ્થાનિક લોકોએ જોરદાર દેખાવો કર્યા હતા અને આ ક્રોસિંગ ઉપર ફ્લાયઓવર બનાવવાની માંગણી કરી હતી. આ ઓટોરીક્ષામાં ખેતરોમાં કામ કરતા મજુરો અવરજવર કરતા હતા. મૃત્યુ પામેલા લોકોના સગાસંબંધીઓને યોગ્ય વળતરની માંગ પણ કરવામાં આવી છે.

## આર્મસ્ટ્રોંગના તમામ ચંદ્રકો આંચકી લેવાની જાહેરાત થઇ

ઓસ્ટીન, તા. ૨૪

સાત વખત ટોયર ધ ફ્રાંસ સ્પર્ધા જીતીને સાઈયલ રેસના રોમાંચને દુનિયાભરમાં ફેલાવનાર લાંસ આર્મસ્ટ્રોંગના તમામ ચંદ્રકો આંચકી લેવામાં આવશે તથા તેના પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. આર્મસ્ટ્રોંગ સાઈકલ સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે નહીં. અમેરિકાની એન્ટી ડોપિંગ એજેન્સી દ્વારા



જાહેરાત કરવામાં આવી છે કે જ્યારે લોસ આર્મસ્ટ્રોંગ નિવેદનમાં કહી ચુક્યો છે કે તે ટોપિંગના મામલામાં પોતાનો બચાવ કરશે નહીં. આર્મસ્ટ્રોંગનો દાવો હતો કે ૧૦ વર્ષથી આ મામલામાં પોતાની દલિલો કરતા તે થાકી ગયો છે. આર્મસ્ટ્રોંગના આ નિવેદન બાદ અમેરિકી એન્ટી ડોપિંગ એજેન્સીનું કહેવું છે કે આર્મસ્ટ્રોંગ પર સાઈકલિંગ મામલે આજીવન પ્રતિબંધ મુકી દેવામાં આવશે. સાથે સાથે તમામ ચંદ્રક પણ આંચકી લેવામાં આવશે. આર્મસ્ટ્રોંગ પર સાઈકલિંગ રેસમાં વધુ સારો દેખાવ કરવા માટે પ્રતિબંધીત દવાઓ અને સ્ટીરોઈડ્સ નામની દવાનો ઉપયોગ કરવાનો આક્ષેપ મુકવામાં આવ્યો છે. આર્મસ્ટ્રોંગનું કહેવું છે કે તે સંપુર્ણપણે નિર્દોષ છે પરંતુ પોતાની બચાવની લડાઈને હવે વિરામ આપવા ઈચ્છે છે. કારણ કે આનાથી તેને અને તેના પરિવારને આઘાત લાગ્યો છે. આર્મસ્ટ્રોંગે ૨૦૧૧માં રમતમાંથી અનોપચારીક રીતે નિવૃત્તિ લઈ લીધી હતી. અમેરિકાની તપાસ સંસ્થાનું કહેવું છે કે આર્મસ્ટ્રોંગ ૧૯૯૬થી પ્રતિબંધીત દવાઓ લઈ રહ્યો હતો. આ દવાઓમાં લોહીના પ્રવાહને વધારી દેનાર સ્ટીરોઈડ પણ સામેલ છે. તપાસ સંસ્થાનું કહેવું છે કે આર્મસ્ટ્રોંગે સાઈકલ સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓમાં પણ ડોપિંગને પ્રોત્સાહન આપી દીધું છે જે મોટા ગુના સમાન છે.

## હત્યા પ્રકરણ : અરૂણ ગવળીને અપરાધી જાહેર કરાતા ચકચાર

મુંબઈ, તા. ૨૪

સ્પેશ્યલ મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાંઈમ એક્ટ (મકોકા) કોર્ટે આજે શિવસેનાના કોર્પોરેટર કમલાકર જામસાન્ડેકરની ઘાતકી હત્યાના કેસમાં ગેંગસ્ટરમાંથી રાજકારણી બનેલા અરૂણ ગવળીને અપરાધી ઠેરવતા ભારે સોપો પડી ગયો હતો. મકોકા કોર્ટે અન્ય ૧૧ આરોપીઓને પણ અપરાધી ઠેરવ્યા હતા. આ તમામને સજાની જાહેરાત ૨૭મી ઓગસ્ટના દિવસે કરવામાં આવશે. આરોપી પૈકીના એક બાલા સુર્વેનું ટ્રાયલ દરમિયાન મોત થયું હતું. જ્યારે અન્ય ત્રણ આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મુકવામાં આવ્ય હતા.

અત્રે નોંધનીય છે કે શિવસેનાના કોર્પોરેટર કમલાકરને ઉપનગરીય ઘાટકોપરમાં તેમના આસલફા નિવાસ સ્થાને માર્ચ-૨૦૦૮માં ઠાર મારી દેવામાં આવ્યા હતા. ગવળીની ૨૧મી માર્ચ ૨૦૦૮ના દિવસે ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદથી અરૂણ ગવળી સતત કસ્ટડીમાં છે. ૭મી ઓક્ટોબર ૨૦૧૦ના દિવસે કોર્ટે ગવળી અને અન્ય આરોપી સામે મકોકા, કલમ-૩૦૨, ૩૪, ૧૨૦બી હેઠળ આરોપો ઘડ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ શિવસેનાના કોર્પોરેટરની હત્યા કરવાનો કોન્ટ્રાક્ટ આરોપી સાહેબરાવ ભીનટાડે અને બાલાસુર્વે દ્વારા આપવામાં આવ્યો હતો. આ બંને બિઝનેસ અને સ્થાનિક રાજકારણમાં કમલાકરને હરીફ તરીકે ગણતા હતા. ક્રાંઈમ બ્રાંચે કહ્યું છે કે કમલાકરની હત્યા કેમ કરાઈ તેના માટે અન્ય ઘણા પરીબળો પણ જવાબદાર હતા. ચાર્જશીટમાં જણાવવામાં આવ્યું હતું કે હત્યા કરવા માટે ગવળી ગેંગેને ૩૦ લાખ રૂપિયાની ચુકવણી કરવામાં આવી હતી. સમગ્ર મામલામાં ટ્રાયલ ઓક્ટોબર ૨૦૧૦માં શરૂ થઈ હતી.